# અનુક્રમણિકા


| ક્રમ | વિષય | પાના નંબર |
|---|---|---|
| – | મુખ્ય જવાબ | ૨–૩ |
| ૧ | મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજનાનું અમલીકરણ અને તેમાં ઉચ્ચ શિક્ષણ મેળવતા વિદ્યાર્થીઓ માટેના ધારાધોરણ | ૪ |
| ૨ | મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત અરજી કરવાની પ્રક્રિયા | ૫ |
| ૩ | મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત સહાય ચુકવવાની પ્રક્રિયા | ૬ |
| ૪ | મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજનામાં કોનો સમાવેશ અને વિશિષ્ઠ સંજોગોમાં કોઈ છૂટછાટ અંગે | ૭–૮ |
| ૫ | મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજનાનો લાભ મેળવતા વિદ્યાર્થીઓને સહાય ઉપરાંત કોઈ અન્ય સહાય અને તે અન્વયે આજ–દિન સુધી કુલ કેટલી સહાયની રકમ ચુકવાઈ | ૯–૧૦ |
| ૬ | યોજનાની શરૂઆત થયા બાદ પાત્રતાનાં ધારા–ધોરણોમાં કોઈ ફેરફાર છે કે કેમ? | ૧૧ |
| ૭ | યોજનાના ધારા–ધોરણોમાં થયેલ ફેરફારને કારણે લાભાર્થી વિદ્યાર્થીઓની સંખ્યામાં થયેલ વધારો | ૧૨ |
| ૮ | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ વર્ષ ૨૦૨૩–૨૪માં મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત મેડીકલનાં વિદ્યાર્થીઓને ચૂકવવામાં આવેલ રકમ જેમાં પુરુષ વિદ્યાર્થીઓને અને સ્ત્રી વિદ્યાર્થીનીઓને ચુકવવામાં આવેલ સહાયની રકમ | ૧૩ |
| ૯ | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ વર્ષ ૨૦૨૩–૨૪માં મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત આજદિન સુધી ઉચ્ચ શિક્ષણનાં કેટલા વિદ્યાર્થીઓને ચૂકવવામાં આવેલ રકમ જેમાં પુરુષ વિદ્યાર્થીઓને અને સ્ત્રી વિદ્યાર્થીનીઓને ચુકવવામાં આવેલ સહાયની રકમ | ૧૪ |
| ૧૦ | મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત અરજી નામંજૂર થવાના કારણો | ૧૫ |
| ૧૧ | મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત રીન્યુઅલ સહાય મેળવવા માટે પાત્રતાના ધોરણો | ૧૬ |

## (૨) માન.મુખ્યમંત્રીશ્રી શિષ્યવૃત્તિ યોજના :

- રાજ્યના ૫૦%થી ઓછો મહિલા સાક્ષરતા દર ધરાવતા ૫૦ તાલુકાઓની શાળાઓ/કોલેજોમાંથી ધોરણ-૧૦ની પરીક્ષા પાસ કરી સ્વનિર્ભર ડીપ્લોમા અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવનાર, ડિપ્લોમાની પરીક્ષા પાસ કરી સ્વનિર્ભર ડિગ્રી અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવનાર કે ધોરણ-૧૨ની પરીક્ષા પાસ કરી સ્નાતક કક્ષાના અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવનાર કન્યાઓ.
- ગુજરાત રાજયના વતની હોય અને યુધ્ધ,આતંકવાદ,નકસલવાદ જેવા કારણસર ફરજો દરમ્યાન માર્યા ગયા હોય અથવા કાયમી વિકલાંગ થયા હોય તેવા ભારતીય સેનાના કેન્દ્રિય કે રાજ્યના અર્ધલશ્કરી દળોના, કેન્દ્રીય કે રાજ્ય અનામત પોલીસદળના અને ગુજરાત પોલીસદળના જવાનોના સંતાનો
- શ્રમિક કાર્ડ ધરાવતા શ્રમિક વાલીના બાળકો
- ૪૦% કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતા વાલીના બાળકો અથવા પોતે ૪૦% કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતા હોય તેવા બાળકો.
- વિધવા મહિલાના બાળકો,
- અનાથ બાળકો જેના માતા-પિતા બંને મરણ પામેલ હોય,
- ડિવોર્સી/ત્યકતા મહિલાના બાળકો.
- ઉક્ત કેટેગરીમાં આવતા વિદ્યાર્થીઓ કે જેઓએ ધોરણ-૧૦ની પરીક્ષા પાસ કરી સ્વનિર્ભર ડીપ્લોમા અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવેલ હોય, ડિપ્લોમાની પરીક્ષા પાસ કરી સ્વનિર્ભર ડિગ્રી અભ્યાસક્રમમાં (ડી ટુ ડી) પ્રવેશ મેળવેલ હોય કે ધોરણ-૧૨ની પરીક્ષા પાસ કરી સ્નાતક કક્ષાના અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવેલ હોય તેઓને માન.મુખ્યમંત્રીશ્રી શિષ્યવૃતિ યોજનાનો લાભ મળવાપાત્ર થશે.

**આવકમર્યાદા :**

- રૂ.૪.૫૦ લાખ સુધીની કૌટુંબિક વાર્ષિક આવક હોવી જોઈએ.
- જે અન્વયે આજ-દિન સુધી કુલ ૧૨૩૧૪ વિદ્યાર્થીઓને કુલ રૂ.૯૨.૩૯ કરોડની સહાય માન.મુખ્યમંત્રીશ્રી શિષ્યવૃતિ યોજના અંતર્ગત ચુકવવામાં આવેલ છે.

# (૧૧)

## મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત રીન્યુઅલ સહાય મેળવવા માટે પાત્રતાના ધોરણો

મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત રીન્યુઅલ સહાય મેળવવા માટે પાત્રતાના ધોરણો નીચે મુજબ છે.

- વિદ્યાર્થીએ પ્રવેશ મેળવ્યા પછીના ક્રમિક શૈક્ષણિક વર્ષમાં રીન્યુઅલ સહાય મેળવવા માટે અગાઉ જે વર્ષે સહાય મળી હોય તે પરિક્ષામાં ઓછામાં ઓછા ૫૦% માર્ક્સ સાથે ઉત્તીર્ણ થવાનું રહેશે.
- સહાય મેળવનાર વિદ્યાર્થીઓની જે તે શૈક્ષણિક સંસ્થાના નીતિ નિયમો પ્રમાણે જે તે શૈક્ષણિક વર્ષમાં ઓછામાં ઓછી ૭૫% હાજરી હોવી જરૂરી રહેશે.

